કાન્તિ ભટ્ટ

## તમારામાં દિવ્યતા પ્રાપ્ત કરવાની શક્તિ ભંડારેલી પડી છે

Remember, you will not find the fountain of the youth by looking outside yourself. The source of all things is found by going within.

- Dr. Bernie S. Siegle

પાલનપુરની એક યુવતીએ મને લખ્યું છે કે મને સારી કંપનીમાં કોમ્પ્યુટર પ્રોગ્રામિંગની નોકરી મળી છે, પણ મને તેમાં સંતોષ નથી. મજા આવતી નથી. મૂંઝાઉં છું. જોબ સેટિસ્ફેક્શન નથી. આજે કોણ મૂંઝવણમાં નથી ? આજે દરેક જણ અપવાદ વગર કોઇને કોઇ મૂંઝવણમાં હોય છે. આ યુવતીના પિતા રજનીશી છે છતાં તેને નવો રાહ મળતો નથી. વાત એમ છે કે જેણે નવો રાહ શોધ્યો છે કે મળ્યો છે તેને નવા રાહે જવાની હિંમત નથી. થોડાં સપ્તાહ પહેલાં મેં વૃદ્ધત્વ નિવારવા અને સદાકાળ જુવાન રહેવાના રસ્તા બતાવેલા, પરંતુ આજે પ્રશ્ન ઊઠે છે કે લાંબું જીવીને શું કરવું છે ? માત્ર ૬૦, ૭૦, ૮૦ અને ૯૦ વર્ષની લંબાઇ મહત્ત્વની છે ?

૯૦ વર્ષની ઉંમર કીડાની માફક ખદબદયા કરીને જીવવાનો અર્થ નથી એમ કહેવાનું મન થાય. ભગવાને આવી રીતે ખદબદવા ઘડ્યા નથી. દરેકને આ જીવનને અનોખી રીતે જીવવાની તક આપી છે. તે તક ભાગ્યે જ કોઇ ઝડપે છે.

ડૉ. બર્ની એસ. સીગલે 'એન્સિયન્ટ સિક્રેટ ઑફ ધ ફાઉન્ટેન ઑફ યૂથ' નામનું પુસ્તક લખ્યું છે તે કહે છે કે સદાકાળ જુવાન રહેવાની ટ્રિક માત્ર બહારથી મળતી નથી. તમારી અંદર પણ એક દિવ્ય સ્ત્રોત છે, જેને તમે ઓળખીને સદાય મનથી જુવાન રહી શકો છો. આજે જુવાનો એમબીએ કે એનાથી પણ ઊંચી ડિગ્રી લે છે. સ્ટોક માર્કેટમાં ધનિક બને છે, પણ તેનાં મન વૃદ્ધ થઇ જાય છે. મારા સદ્‌નસીબે મને ઓક્સફર્ડ યુનિવર્સિટીની ફેકલ્ટી ઑફ ફિલોસોફીના પ્રોફેસર ડૉ. નિક બોસ્ટ્રોમનો પરિચય થયો. તેમણે હિન્દુ શાસ્ત્રોથી પ્રભવિત થઇને ત્રણેક વર્ષથી 'ટ્રાન્સ હ્યુમેનિસ્ટ સોસાયટી' સ્થાપી છે. તેમાં હજી ૧૬૦૦ સભ્યો જ થયા છે. પ્રો.નિક બોસ્ટ્રોમ કહે છે કે ઘણા ૫૦-૬૦ વર્ષના થાય છે ત્યારે જ જીવનપરિવર્તન કે જીવનને લંબાવવાના વિચારો કરે છે. ટ્રાન્સ હ્યુમેનિસ્ટ સોસાયટી સ્થાપવાનો હેતુ એ છે કે આજે માનવી જે સ્વરૂપમાં છે તે અંદર કે બહારનું સ્વરૂપ આખરી નથી. તેને વિકસાવવાની ઘણી તકો છે. ટ્રિકો છે. મલાવ ખાતે જીવનનું રહસ્ય જાણવા તેમજ અમરત્વ પામવા સાધના કરનારા રાજશ્રીમુનિ જેવી જ વાત ડૉ.નિ બોસ્ટ્રોમ કરે છે. તમામેતમામ જીવ જાગ્રત થઇને ઊંચા લેવલે પહોંચી શકે નહીં પણ જેને ખૂબ જ તમન્ના હોય અને બચપણથી સંસ્કાર હોય તે તેના શરીર-આત્માને નવેસરથી વિકસાવીને ઊંચા લેવલે પહોંચાડી શકે છે.

ગાર્ડિયનના એક પત્રકાર, ડૉ. બોસ્ટ્રોમને પૂછે છે, 'શું સાધુ કે બાવા થઇને જ ટ્રાન્સ હ્યુમન બની શકાય ?' તો ડૉ. બોસ્ટ્રોમ કહે છે કે વિકસવા માટે સાધુ થવાની જરૂર નથી. જીવન પ્રત્યે બહુ કઠોર થવાની જરૂર નથી, ન પાળી શકાય તેવા બ્રહ્મચર્યની જરૂર નથી. માનવીએ સહજ રીતે જીવવું જોઇએ. એટલું ખરું કે તેણે સતત વિચારવું જોઇએ કે આજે તે જે લેવલે જીવે છે તેનાથી કંઇક ઊંચે જઇ શકાય છે. માત્ર આયુષ્યની લંબાઇ જ નહીં પણ કોઇ અનુપમ આંતરિક શક્તિ પણ મેળવી શકાય છે. આ વાતનો ખ્યાલ આપવા ઓક્સફર્ડ યુનિ.ના પ્રોફેસરે ટ્રાન્સ હ્યુમેનિટી સોસાયટીની સ્થાપના કરી છે.

પ્રોફેસર નોસ્ટ્રામે મને શાંતિ થાય તેવી સરસ વાત કરી તે કાંઇ નવી નથી. તેણે કહ્યું કે આમારી આ સંસ્થા માને છે કે તમે ઉચ્ચાત્મા થવાને પંથે હો અને બને કે મૃત્યુ થઇ જાય પણ...ડેથ ઈજ નો પ્રોબ્લેમ. તમારી પુત્રી કે પૌત્રનું અકાળે અવસાન થયું તે કાયમ શોક કરવાની ઘટના નથી. તેવા જીવને હજી નવી રીતે વિકસવું હોય છે અને કદાચ આ જીવનમાં તેને એવું પર્યાવરણ ન મળ્યું હોય. ટ્રાન્સ હ્યુમેનિસ્ટ સોસાયટી એવું માને છે કે માનવી લાંબું જીવે તે બસ નથી પણ તે દરેક રીતે વધુ સ્માર્ટ થવા જોઇએ. તેની ઈન્દ્રિયો વધુ સતેજ થવી જોઇએ. વળી સાધના કરીને કંઇ સુપર નેચરલ પાવર મેળવવાનો પણ આશય રાખવાનો નથી. આલ્ડસ હકસલેએ ૧૯૩૨માં 'બ્રેવ ન્યુ વર્લ્ડ' નામનું પુસ્તક પ્રગટ કરેલું. તેમાં કહેલું કે સાધુઓ જે ચમત્કારો બતાવે છે અને સ્પર્શથી રોગ સારા કરે છે. કે ભાવિ જાણી શકે છે તે બધું તો બહુ જ સમાન્ય અને ગૌણ છે. એમાં આત્મા મુક્ત થતો નથી. સંત ટેરેસાએ(મધર ટેરેસા નહીં) કહેલું કે કઠિન તપસ્યા સહેલી છે, પરંતુ માનવીએ સંસારમાં

રહીને તમામ ચીજો સહન કરીને જીવતાં શીખવું અને તે જીવનમાં જ પોતાના આત્માને ઊંચે લઇ જવાની પ્રક્રિયા અઘરી છે. રજનીશી બનીને ભગવાં કપડાં પહેરવાં કે સાધુવેશ લાઇ લેવો કે દાઢી વધારીને નિષ્ક્રીય બનીને પાટે બેસીને ઉપદેશ આપ્યા કરવો તે પોતાના વિકાસને થંભાવી દેવા જેવું છે. આજે તમે ચારેકોર જુઓ છો કે પોતાના અંગત વિકાસને થંભાવી દઇને બાપુપણામાં રાચનારા સાધુની આજુબાજુ સામાન્ય માનવી ટોળે વળે છે. જે માણસ કોરોધાકોર છે અને અટકી ગયો છે તે તમને ક્યાં આગળ વધારવાનો છે ?

તમારે તત્કાળ શક્તિ મેળવવી હોય તો વાયગ્રા લઇને પ્રોનિસ્કયુઅસ સેકસ્યુઆલિટી(વ્યાભિચારલક્ષી ભોગ) મેળવી શકાય. બાયોટેકનોલોજીનો ઉપયોગ કરીને મનને ઘડીભર અત્યાનંદનો અનુભવ કરાવી શકાય. અફીણ-ગાંજો લઇને મુક્ત અવસ્થા પ્રાપ્ત કરવી તે શોર્ટકટ તમને પછી ક્યાંય પહોંચાડતો નથી.

ઓશો રજનીશ જેને વારંવાર ટાંકતા તે લાઓ ત્સેએ કહેલું કે, 'Push far enough towards the void hold fast enough to quietness to know the always-so is to be illumined. Not know is means to go blindly to disaster.

લાઓ ત્સેએ કહેલું, તમે તમારી જાતને એટલી ઊંચે લઇ જાઓ જ્યાં પછી માત્ર શૂન્યાવકાશ હોય. કોઇપણ માનસિક સ્થિતિ પ્રાપ્ત કરવા ઘાંઘા ન થાઓ. શાંતિથી તમારા લક્ષ્યને પાર કરવા આગળ ચાલો તો જ કંઇક જાણી શકશો, નહીતર તમે આંધળુકિયા કરીને વિનાશ નોતરો છો. પ્રાર્થના કે નમાજ માનવીને શાંત રહેવાનું કહે છે. તમને જય કે પરાજયમાં સ્થિતપ્રજ્ઞતા શીખવે છે. લાઓ ત્સેની વાત ઓક્સફર્ડ યુનિ.ના પ્રોફેસર ડૉ.નિક બોસ્ટ્રોમ જુદી ભાષામાં કહે છે. ૨૧મી સદીનો માણસ સમજી શકે તેવી ભાષા ડૉ. બોસ્ટ્રોમ બોલે છે. Transhumanism is a way of thinking about future, that is based on the premise that human species in its current form dose not represent the end of our development but rather a comparatively early phase. અહીં આધ્યાત્મિક શક્તિને કેળવવાની વાત બાજુએ રાખીને ડૉ. નિક કહે છે કે અમારું ટ્રાન્સ હ્યુમેનિઝમનું મંડળ એવી વાતમાં માને છે કે, 'હાલમાં માનવજાત જે સ્વરૂપે વિકસી છે તે કાંઇ વિકાસનો અંત નથી, પરંતુ માનવીના હજી વધુ વિકાસ માટેનું આ બહુ જ પ્રાથમિક પગલું છે' આ વાતને તમે બરાબર સમજો. જો સમજાઇ જશે તો તમે પૈસા પાછળ ગાંડા નહીં થાઓ, તત્કાળ આનંદ મળે તેવી ખાણીપીણી, દારૂની ઉત્તેજના કે સિગારેટના દમ ઉપર દમ નહીં મારો. તમારા શરીરમાં ઘણી છુપી શક્તિ છે. મંગળ ઉપર પણ જીવન છે તે વાત હવેના માનવીએ પુરવાર કરવાની છે. ૭૦ વર્ષ પહેલાં કોણે ધારેલું કે ગુજરાત કે ભારતની યુવતીઓ ચંદ્ર પર પહોંચવા અવકાશમાં ઊડશે.

માનવીએ પોતાની આંતરિક શક્તિ વિકસાવવાની કોઇ મર્યાદા નથી તે વાતનું સતત ભાન રાખવું જોઇએ. આર્થર સી. કલાર્ક, ઈસાક આસિમોવ અને સ્ટેનિસ્લાવ જેવા અવકાશ વિજ્ઞાની કહી ગયા છે કે માનવી ઘણી ટેકનોલોજીકલ શોધો કરીને આખરે માનવીને ઊંચે ચઢાવવાની કોશિશ કરશે. અહીં સુધીનું લખાણ કે બુદ્ધિનો વ્યાયામ ઓછો સમજાયો હોય તો આપણે બેન્જામિન ફ્રેંકલિનને યાદ કરીને પુરું કરીએ.

૩૦૦ વર્ષ પહેલાં મીણબત્તી અને સાબુ બનાવનાર પિતાને ત્યાં જન્મેલા બેન્જામિન ફ્રેંકલિને તો ૧૨ની ઊંમરે ભણવાનું પૂરું કર્યું. આપસૂઝથી વધુ જાણ્યું. શરૂમાં પ્રિન્ટિંગ પ્રેસમાં બીબા ગોઠવતા. પછી ફિલોડોલ્ફિયા જઇને તેમને તે વખતની સરકારની ચલણી નોટો છાપી. તેમાંથી વિજ્ઞાનમાં રસ જાગ્યો. તેણે ફ્રેંકલિન સ્ટવ શોધ્યો. બાયોફોકલ ચશમાં શોધ્યાં. વીજળી ઉપર પર્યોગ કર્યા. વિજ્ઞાનનું ભણ્યા હોત તો ક્યાં વાત જાત. તેમને શ્રદ્ધા હતી કે ૩૦૦-૪૦૦-૫૦૦વર્ષમાં માનવજાતનો ખૂબ વિકાસ થશે. એટલી હદ સુધી આશાવાદી હતા કે મરણ પછી તેના શરીરને પ્રવાહી નાઇટ્રોજનમાં રાખીને ઠારેલું રખાય અને પછી માનવીના મૃતદેહમાં પ્રાણ ફૂંકવાની ટેકનિક શોધાય ત્યારે મને જીવતો કરાય!

આપણને ભારતીય સંસ્કાર છે. આપણને આવી કોઇ મહેચ્છાની જરૂર નથી. માત્ર ડૉ. નિક બોસ્ટ્રોમની વાતથી આપણાં શાસ્ત્રોની વાત તાજી કરી શ્રદ્ધા રાખીએ કે માનવી ઇચ્છે તો પોતાની જાતને દિવ્ય બનાવી શકે.

Dr. NICK BOSTROM
(M)07789-744242
(O) Tel:01865-286889
Email:nick.bostrom@philosophyox.ac.uk

('સુખની સુવર્ણચાવી' પુસ્તકમાંથી)